## 'ટેવિસ' એ શું છે?

**ટોરોન્ટો એન્ટી-વાયોલન્સ ઇન્ટરવેન્શન સ્ટ્રેટેજી (ટોરોન્ટો હિંસા-વિરોધી મધ્યસ્થીની વ્યૂહરચના) – ટેવિસ** – એ જનસમુદાયને, હિંસા ઓછી કરવા બાબતે, જાગૃત અને પ્રવૃત્ત બનાવવા માટેની એક સઘન અને સચોટ પહેલ છે જેનાથી ટોરોન્ટોનાં ક્ષેત્રોને વધુ સુરક્ષિત બનાવી શકાશે. જે ક્ષેત્રોમાં વધુ ને વધુ હિંસાત્મક બનાવોના અનુભવો થઇ રહ્યા છે ત્યાં 'ટેવિસ' દ્વારા વધારે પોલિસ ઓફિસરોને મુકવામાં આવી રહ્યા છે. 'ટેવિસ'ની આગેવાની ટોરોન્ટો પોલિસ સર્વિસ કરે છે. તેના ભાગીદારોમાં ટોરોન્ટો કોમ્યુનિટી હાઉસિંગ, ટોરોન્ટો શહેર, ટોરોન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ તથા બીજી વિભિન્ન સામાજીક સંસ્થાઓનો સમાવેશ થાય છે.



Toronto Community Housing

## 'એલ્બીયન-ફીન્ચ તબક્કો' એ શું છે?

- હિંસાને રોકવા કે તેમાં દરમ્યાનગીરી કરવા માટે
- લોકોને પોતાની ઓળખાણ આપવા માટે
- સ્થાનિક પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે
- હાલનાં સંબંધો અને ભાગીદારીઓને વધારવા તથા નવા સંબંધો બાંધવા માટે
- કાયદાકિય વ્યવસ્થા જાળવવા બાબતે 'ટેવિસ'ના આદર્શ વિષે લોકોને માહિતી આપવા માટે
- શહેર તથા પોલિસની સહાયતા પર ઓછો મદાર બાંધવો પડે તે પ્રકારનાં સુરક્ષિત વિસ્તારો બનાવવાના ધ્યેયથી ટોરોન્ટો શહેર અને જનસમુદાય સાથે મળીને લોકોને જાગૃત અને પ્રવૃત્ત બનાવવા માટે

આ ઉનાળામાં એલ્બીયન-ફીન્ચ ક્ષેત્રમાં વધારાના પોલિસ ઓફિસરોને મુકવામાં આવશે. અનુભવી અને સમર્પિત એવા દરેક પોલિસ ઓફિસરો આખા વિસ્તારમાં પગપાળા તથા સાયકલ પર ફરશે.

*united for safer neighbourhoods*

## 'ટેવિસ' સંબંધિત કેટલીક પ્રવૃત્તિઓ

**રમતગમતનાં કાર્યક્રમો** – સોકર, બાસ્કેટબોલ, બેઝબોલ અને બીજી બાહ્ય પ્રવૃત્તિઓ

**યુવા-સંમેલન** – 'ટેવિસ'નાં ઓફિસરો સ્થાનિક માધ્યમિક શાળાઓમાં યુવાનો પર કેન્દ્રિત એવી 'ટેવિસ'ની બેઠકો યોજશે.

**ગુનાઅવરોધક પ્રવૃત્તિઓ** – સુરક્ષા વધારવાના પ્રયાસરૂપે સમાજના લોકો ગુના થઇ શકે એવી સંભાવનાવાળા સ્થળો ઓળખી બતાવવામાં મદદ કરશે જેવા કે, દા.ત. ક્યાં વધારે લાઇટ મુકવાની જરૂર છે કે ક્યાં ઝાડઝાંખરાં કાપવાની જરૂર છે

**સુંદરતા વધારવાની યોજના** – એલ્બિયન-ફીંચ વિસ્તારમાં કુદરતી સુંદરતા વધારવા માટેની યોજનારૂપે એક સ્થળની પસંદગી કરવામાં આવશે.

**દિવાલો કે જાહેર સ્થળોની દિવાલો પરનાં ચિતરામણો હટાવવા** – પોતાનાં વિસ્તારમાં દિવાલો પરનાં ચિતરામણો શોધીને તેમને હટાવવામાં રહેવાસીઓ પોલિસ તેમ જ શહેર સાથે મળીને ભાગીદારીમાં કામ કરશે.

tpslinks.ca

પોલિસ સંબંધિત ફોન તથા ટેક્સ્ટ એલર્ટ માટે જોડાઓ.

Toronto Crime Stoppers 1-800-222-TIPS

## હું કેવી રીતે આમાં જોડાઇ શકું?

ટોરોન્ટો પોલિસ સર્વિસ, ટોરોન્ટો શહેર અને બીજા ‘ટેવિસ’નાં ભાગીદારો આપના વિસ્તારને સુરક્ષિત બનાવવા માટે તત્પર છે, **પરંતુ તે કાર્ય અમે એકલા નહીં કરી શકીએ.** આમાં કેવી રીતે જોડાઇ શકાય તે જાણવા માટે સ્થાનિક નાગરિકો, સામાજીક જુથો તથા ધંધાદારી વેપારીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે કે તેઓ 23મી પોલિસ ચોકી (ડીવીઝન) ની ‘કોમ્યુનિટી રીસ્પોન્સ ઓફીસ’ નો સંપર્ક કરે.

**23 ડીવીઝન (પોલિસ ચોકી)**
**કોમ્યુનિટી રીસ્પોન્સ યુનિટ**
**ટોરોન્ટો પોલિસ સર્વિસ**
**ફોન (416) 808-2319**




## એલ્બીયન-ફીન્ચ તબક્કો




tavis

Gujarati translated version

**torontopolice.on.ca/tavis**

**twitter.com/tavis_tps**

આ વ્યુહરચનાને ‘મિનિસ્ટ્રી ઓફ કોમ્યુનિટી સેફ્ટી એન્ડ કરેક્શનલ સર્વિસીઝ’ દ્વારા મળતી નાણાંકિય સહાયતાથી શક્ય બનાવી શકાઇ છે.

Ontario

# ટોરોન્ટો એન્ટી-વાયોલન્સ ઇન્ટરવેન્શન સ્ટ્રેટેજી

tavis

*united for safer neighbourhoods*




## એલ્બીયન-ફીન્ચ તબક્કો